Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/૫૨ચ/૨૦૨૨/ -૧૯૩૪૨

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા. ૧૪ /૦૯ /૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની તમામ સરકારી અને અનુદાનિત માધ્યમિક,ઉ.મા. શાળાઓ તરફ
જિ-સુરત

આ સાથે જિલ્લા નાયબ નિયામકશ્રી (વિકસતી જાતિ) બહુમાળી ભવન,નાનપુરા,સુરતના પત્ર ક્રમાંક/જિનાની/વિ.જા/PM YASASVI /૨૦૨૨-૨૩/૮૯૩ તા.૧૨/૦૯/૨૦૨૨ અન્વયે કેન્દ્ર પુરસ્કૃત PM YASASVI પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનાના અમલ વર્ષ -૨૦૨૨-૨૩ અંગે જાણ તથા અમલ થવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

જિલ્લા નાયબ નિયામક (વિકસતી જાતિ) ની કચેરી
જુની કોર્ટ બિલ્ડીંગમાં,બહુમાળી ભવન કેમ્પસ, નાનપુરા, સુરત
ફોન/ફેક્સ : ૦૨૬૧-૨૪૬૦૬૯૮ e-mail : d.dirsurat@gmail.com

નાજિનાનિ/વિ.જા/PM YASASVI/૨૦૨૨-૨૩/ ૯૯૩ તા.૦૯/૦૯/૨૦૨૨

તાત્કાલીક /ખાસ જરૂરી **PM YASASVI**

પ્રતિ.
આચાર્યશ્રી.
માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ.
જિલ્લો-સુરત.

વિષય:- કેન્દ્ર પુરસ્કૃત PM YASASVIપ્રિ.મેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત (વર્ષ ૨૦૨૨-૨૩)

સંદર્ભ:- અત્રેની કચેરીના તા.૨૦/૦૬/૨૦૨૧નો પત્ર નં. વિજાક/શિક્ષણ/૨૨-૨૩/ ૩૨૭ થી ૩૫૯ તથા તા.૨૧/૦૭/૨૦૨૨નો પત્ર ક્રમાંક: વિજાક/શિક્ષણ/૨૦૨૨-૨૩/૬૦૪ થી ૬૩૬

ધો. ૯ અને ૧૦ માટે રાજ્ય સરકારની (1) Pre. Matric Scholarship(SEBC), (2)Pre. Matric Scholarship (EBC), (3)Pre. Matric Scholarship(Minority)(4)Pre. Matric Scholarship(NTDNT)તથા કેન્દ્ર પુરસ્કૃત (1) Pre Matric Scholarship for OBC Most Backward (Std.9 to 10)અને (2) Dr. Ambedkar Pre & Post Matric Scholarship for NTDNT ની જગ્યાએ કેન્દ્ર પુરસ્કૃત PM Young Achievers Scholarship Award Scheme for Vibrant India (PM YASASVI) અમ્બ્રેલા યોજના પૈકી Pre Matric Scholarship For OBC , EBC & DNT Students શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રાજ્યની સરકારી અને ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૯ અને ૧૦ના વિકસતી જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ, આર્થિક રીતે પછાતવર્ગ તથા વિચરતી-વિમુકત જાતિના વિદ્યાર્થીઓનેનિયમોનુસાર સમાન દરે વાર્ષિક રૂ.૪૦૦૦/- શિષ્યવૃતિ, વાર્ષિક આવક મર્યાદા રૂ.૨,૫૦,૦૦૦/- ધ્યાને લઇ ડિજિટલ ગુજરાત પોર્ટલ પરઅગાઉના વર્ષોની જેમ જ વર્ષ:૨૦૨૨-૨૩ માટે શાળાના આચાર્યશ્રીઓ મારફતે દરખાસ્તો મંગાવવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩ માટે ધો. ૯ થી ૧૦ ના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, આર્થિક રીતે પછાત વર્ગઅને વિચરતી-વિમુકત જાતિ વિદ્યાર્થીઓ માટેનીPre Matric Scholarship for OBC, EBC and DNT Studentsયોજનાની દરખાસ્તો આ સાથેના માસવાર આયોજનના પત્રકમાં દર્શાવેલ સુચનાઓ મુજબ તા.૦૪/૦૯/૨૦૨૨થી મેળવવાની રહેશે. ઉકત સંદર્ભિત પત્ર સાથેની માર્ગદર્શીકા ધ્યાને લઇ Pre Matric Scholarship for OBC, EBC and DNT Studentsયોજનાનીદરખાસ્તો કરવા જિલ્લા કક્ષાએથી શાળાના આચાર્યશ્રીઓને પરીપત્ર દ્વારા જાણ કરવાની રહેશે. તેમજ જિલ્લા કક્ષાએ માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓ તરફથી મળેલ દરખાસ્તો અત્રેના આ પત્ર તથાPre Matric Scholarship for OBC, EBC and DNT Studentsયોજનાની માર્ગદશિકા (આ સાથે સામેલ) ધ્યાને લઇ મંજુર કરીને વિદ્યાર્થીઓનેશિષ્યવૃત્તિ ચુકવવાની રહેશે.



આ.વ. ૫૫૩૨
પરીપત્ર કુમીક

ખાસ નોંધ:

- ચાલુ વર્ષથી ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓએ ફરજીયાત સક્ષમ અધિકારીશ્રીનો આવકનો દાખલો અને જાતિ પ્રમાણપત્ર (જો વિદ્યાર્થીઓ પાસે જાતિ પ્રમાણપત્ર ન હોય તો શાળાના આચાર્યશ્રી દ્વારા આપવામાં આવેલ બોનાફાઇડ સર્ટીફિકેટ અથવા વિદ્યાર્થીના પિતાનુ કે પિતાના ભાઇ-બહેનનુ શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર માન્ય રાખવુ)

( આર.ડી.બલદાણીયા )
જિલ્લા નાયબ નિયામક
(વિકસતી જાતિ) સુરત

નકલ સવિનય જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ રવાના :-

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ આપના તાબા હેઠળની શાળા/સંસ્થાઓને જાણ કરવા અને કચેરીની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ.

નકલ સવિનય જાણ સારૂ રવાના :-

(૧) માનનીય નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ ખાતું,ગુજરાત રાજ્ય,ગાંધીનગર.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ | Pre Matric Scholarship for OBC, EBC and DNT Students | OBC<br>EBC<br>DNT | ધો.૯ અને ૧૦ | કુમાર/ કન્યા | રૂ.૪૦૦૦/- | રૂ.૨.૫૦.૦૦૦/- | સરકારી પ્રાથમિક શાળાઓ/ ગ્રાંટ-ઇન-એઇડ શાળાઓ |

અન્ય સૂચનાઓ:

૧. વિદ્યાર્થી ગુજરાતના નાગરીક હોવા જોઇએ, અન્ય રાજ્યના વિદ્યાર્થીઓએ તેઓના રાજ્યમાંથી શિષ્યવૃતિ યોજનાનો લાભ લેવાનો રહે છે.

૩. તમામ વિદ્યાર્થી ગત વર્ષની પરીક્ષામાં નિયમોનુસાર.પાસ થયેલ હોવા જોઇએ અને શાળાએ નિયમિત આવતા વિદ્યાર્થીઓની જ દરખાસ્ત કરવાની રહેશે.

૪. અમાન્ય શાળાઓએ શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવી નહી અને તેમ છતાં જો શિષ્યવૃત્તિની દરખાસ્ત કરવામાં આવશે તો જે તે શાળા સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

૫. ઉક્ત તમામ શરતો માર્ગદર્શન પુરતી છે. આખરી અર્થ ધટન અને અમલ સરકારશ્રીના ઠરાવ મુજબ કરવાનુ રહેશે.

૬. અત્રેની કચેરીના તા.૨૦/૦૬/૨૦૨૨ના ડિજિટલ ગુજરાત પોર્ટલ પર શિષ્યવૃતિની કામગીરી કેવી રીતે કરવી તે અંગેની માર્ગદર્શક સામાન્ય સૂચનાઓઅનુસાર આ યોજનાનો પણડિજિટલ ગુજરાત પોર્ટલ પરઅમલ કરવાનો રહેશે.

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, ગાંધીનગર

નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર

માધ્યમિક શાળાઓ તેમજ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓપાસેથી વર્ષ:૨૦૨૨-૨૩ની Pre Matric Scholarship for OBC, EBC and DNT Studentsયોજનાની Online દરખાસ્ત મેળવવા બાબતનુ તેમજ જિલ્લા-કચેરીએ કરવાની થતી કામગીરીનું "માસવાર-આયોજન" પત્રક

| અ. | માસ | શાળાઓની કામગીરી | જિલ્લા કચેરીએ કરવાની કામગીરી | NIC દ્વારા થનાર કામગીરી |
|---|---|---|---|---|
| ૧ | સપ્ટેમ્બર ૨૦૨૨ | (૧)શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાના વિદ્યાર્થીઓની ખરાઇ તા:૧૦/૦૯/૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.<br>(૨)ધો.૯ અને ૧૦ના વિદ્યાર્થીઓની પ્રપોઝલ બનાવીતા:૨૫/૦૯/૨૦૨૨ સુધીમાઁ હાયર ઓથોરીટીને સેન્ડ કરવી. | (૧) વર્ષ ૨૦૨૨-૨૩નીPre Matric Scholarship for OBC, EBC and DNT Studentsયોજનાની દરખાસ્તો શાળાઓ પાસેથી ઝડપથી મેળવી મંજૂરીની કામગીરી ૧૦૦% પુર્ણ કરવી. તેમજ ઉકત યોજનાના બીલો DGP પર જનરેટ કરવા. | ૧) જે વિદ્યાર્થીઓની એન્ટ્રી નવી થાય તેઓનું બેંક વેરીફીકેશન કરી પ્રપોઝલ બનવા માટે ઓપન કરાવવા.<br>(૨) પ્રપોઝલ તથા બિલોના ટેકનિકલ પ્રશ્નોનું નિરાકરણ |
| ૨ | ઓક્ટોમ્બર ૨૦૨૧ | ---------- | (૧) ગ્રાન્ટ મળેથી જનરેટ કરેલબિલોTreasury કચેરીમાં સમયસર રજુ કરવાઅને તમામ વિદ્યાર્થીઓને તા:૧૫/૧૦/૨૦૨૨સુધીમાં ચૂકવણું થઇ જાય તે મુજબનું આયોજન કરવું. | |

નોંધ:-

- જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Payment Transaction Fail થયેલ હતા તેવા શાળાના તમામ વિદ્યાર્થીઓને જે તે બેંકનો સંપર્ક કરાવી વિદ્યાર્થી/પિતા-વાલીનુ ખાતુ એક્ટીવ રહે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે. જે વિદ્યાર્થીઓના ગત વર્ષે Epayment થયેલ હતા તેવા વિદ્યાર્થીઓના ખાતા પણ ફ્રીઝ/ડોરમેન્ટ/બંધ થઇ ગયેલ નથી તેની પણ ખાતરી કરવા વિદ્યાર્થીઓ સાથે સંકલન કરી કામગીરી કરવાની રહેશે.
- સૌ પ્રથમ તો જે તે વિદ્યાર્થીઓના બેંક ખાતા ખોલાવીને Students Entry કરવાની રહેશે. જો તમામ પ્રયત્નો પછી કોઇ વિદ્યાર્થીનું બેંક ખાતુ ખોલાવી શકાય તેમ ન હોય તો જ પિતા/વાલીના બેંક ખાતાની વિગત Student Entry કરતી વખતે નાખવાની રહેશે.
- પિતા/વાલીનું બેંક એકાઉન્ટ વધુમાં વધુ ૨ (બે) વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં નાખી શકાશે.
- જે વિદ્યાર્થીઓના પોસ્ટ ઓફીસમાં ખાતા હોય તે વિદ્યાર્થીઓના ખાતા ઇન્ડીયન પોસ્ટલ બેંકમાં તાત્કાલિક અસરથી ખોલાવી વિદ્યાર્થીની એન્ટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે. જો વિદ્યાર્થીઓના ખાતા પોસ્ટલ બેંકમાં ખુલી શકે તેમ ન હોય તો તેવા વિદ્યાર્થીઓના તાત્કાલિક નવા બેંક ખાતા ખોલાવી વિદ્યાર્થીની એંટ્રી પોર્ટલમાં અપડેટ કરવાની રહેશે.
- જે વિદ્યાર્થીઓની ઉંમર ૧૦વર્ષ થી વધુ હોય તેવા વિદ્યાર્થીઓના આધારનંબર સાથે Postal Payment Bank માં "0" ઝીરો બેલેન્સથી બેંક ખાતુ ખોલાવી શકાશે.